## ખતવણી

--નટવર ગાંધી

સવાર પડતાં તમે નીકળતા દુકાને જવા,
સફાઈ કરી, ગોખલે અગરબત્તી, દીવો, પુજા,
પ્રણામ કરી દેવને, પછી ઉઘાડતા હાટડી.
દલાલી, ઘણી લેણદેણ, વય આખી ધંધો કર્યો,
અનાજ બધું, સાથ શીંગ, તલ, તેલ, ઘી, ગોળનો.
ફરે ન ચકલું બપોર બળતે, તમે એ સમે
દુવાર અરધું કરી લગીર નીંદ ખેંચી લીયો,
ઘરે નીસરતા પતાવી બધું કામ રાતે પછી.

જમ્યા, નહીં જમ્યા જ, ઉભડક એમ વાળું કરી,
કરો ખતવણી, હીસાબ ગણી રાત પુરી કરો,
સવાર પડતાં વળી દીવસ એ જ એનો શરુ.
-હમેશ ઘટમાળ આ- ખબર ના પડી કોઈને
અચાનક જ એક દીન ઉઘડી નહીં હાટડી,
કરી ખતવણી તમે જીવનની ખરે આખરે.

## યુવાન વયમાં

યુવાન વયમાં અનેક સપનાં લઈને નીકળ્યો,
ભમ્યો જગત ખુબ કૈં નજીક, દુર ને છેવટે
વસું, વીચરું આજ આ નગર રમ્ય સોહામણે
અમેરીકન રાજધામ શભ નામ વૉશીંગ્ટને.

પરંતુ ઉર દોડતું સતત દેશમાં, ગામમાં,
લટાર લઉં રાજમાર્ગ અહીં વીશ્વસત્તા તણા,
તદા મન લઈ જતું ગલી ગલી જુના ગામની,
અહીં ભરી ભરી પટોમક પટે સ્મરું નાવલી,
હતું ઝરણું શુષ્ક તોય નદી જે કહી વહાલથી.

સલામ ભરું સાબદી ધવલ, નીલ, રાતા ધ્વજે,
તદા ફરકતો ઉરે ધ્વજ ત્રીરંગી જ્યાં ચક્ર છે.
વળી કદીક રાષ્ટ્રગાન અહીંનું પડ્યું કાન જો,
તદા ગણગણું અચુક ઈકબાલ, ટાગોરને
રહી રહી સ્મરું અહીં જનમભોમ મા ભારતી.

## અંજલી

કદીય નથી વાત ઝાઝી કરી, ને કરી વાત તો
અહીંતહીંની, અન્યની, ખબર પુછી ત્રાહીતની,
અવ્યક્ત મનની ઉપાધી બધી, ભાર વ્યાધી તણો
નથી જ નથી ઠાલવ્યો કદીય મોકળા દીલથી.

ઉપાડી લઈ જીવતા સરવ ભાર સંસારનો,
કદી ન હસતા, જીવન કોઈ ઉલ્લાસ ના,
નથી સ્મરણમાં કદી વીરલ સ્પર્શ કો વ્હાલનો,
તમે નજીક તોય દુર, પરીચીત ઝાઝા નહીં.

મદાર તમને હતો કંઈક ભાર ઓછો કરું,,
વીવેકહીન હું, ધમાલ કરું, ધાર્યું મારું કરું
કરું મદદ કાંઈ ના, ઉપરથી હું માથે પડું,
હવે વસવસો કરું વ્યરથ તાતના મોતનો.

નથી જ નથી નીવડ્યો સપુત,નમ્ર આજ્ઞાંકીત,
બનું હું તવ પૌત્રનો સુહૃદ તાત એ અંજલી.

## કૃતજ્ઞ ધરું ધુળ

પીછાણઘણી આછી જાણ ન'તી તોય આવી પડ્યો
અકીંચન હું આમતેમ અથડાઈ આવી ચડ્યો,
ઉદાર હૃદયે સ્વીકાર મુજનો કર્યો, ને વળી
કર્યું ભરણ, પુર્ણ પોષણ કર્યું; દીધું શીક્ષણ;
થયો દ્વીજ અહી વળી જીવનપાઠ ઝાઝા ભણી.
ઉઘાડી સહુ બારણાં, દઈ બતાડી સીડી કહ્યું
યથેચ્છ ચડવા, ન બંધન કશાં, સહારો બધો,
મળ્યું જીવન નવ્ય, ધ્યેય, ચરીતાર્થ થઈ જીંદગી.

ગમે ધનીક દેશ આ… પણ વીશેષ આકર્ષણ
ઈમર્સન પ્રબુદ્ધ, લીંકન વીમુક્તી-દાતા તણું.
થરોનું, વ્હીટમૅન, ટ્વૈન, કવી એમીલીનું મને;
ભલે ઉર વસે સદા જનમભોમ માભારતી
પરંતુ મન, કર્મ, ધ્યાન, દૃઢ આત્મના નીર્ણયે
કૃતજ્ઞ ધરું ધુળ મસ્તક અમેરીકાની સદા.

--નટવર ગાંધી

## શ્રી નટવર ગાંધી



## કવી-પરીચય

અમેરીકન કૉન્ગ્રેસમાં ગુજરાતના વાણીયાઓને બેસાડી દો; પછી જુઓ કે દેશ નફો કરે છે કે નહીં ! ઉદાહરણ હાજરાહજુર છે. અમેરીકાના કેપીટલ વૉશીંગ્ટન શહેરનું નાણાતંત્ર ખાડામાં હતું. ડીસ્ટ્રીક્ટ ઓફ કોલંબીયા ૨૦૦૦ની સાલ સુધી દર વર્ષે ૫૦૦ મીલીયન ડોલરની ખાધ કરતું હતું. ગુજરાતના આ બીજા ગાંધી ચીફ ફાયનાન્શીયલ ઑફીસર બન્યા. આખા તંત્રને સીધું દોર કરી નાખ્યું ! આજે વૉશીંગ્ટન શહેર પાસે દોઢ અબજ ડોલર ખાતામાં જમા બોલે છે. તેમાં ૪૦૦ મીલીયન ડોલર કેશ છે. પીતાના હાથમાં હાટડી હતી; દીકરાની બાથમાં અમેરીકાની રાજધાની છે.

સને ૧૯૪૦માં સાવરકુંડલામાં જન્મેલા **શ્રી. નટવર ગાંધી** લગભગ ચાર દાયકાથી અમેરીકામાં વસે છે. મગજમાં લક્ષ્મીજીને રાખે છે; ને હૃદયમાં સરસ્વતી. સૉનેટ સર્જનમાં સારી ફાવટ ધરાવે છે. પ્રથમ કાવ્યસંગ્રહ **‘અમેરીકા અમેરીકા’** ૨૦૦૫માં પ્રગટ થયો અને **‘ઈન્ડીયા ઈન્ડીયા’** ૨૦૦૬માં. એમના કાવ્યસંગ્રહ **‘અમેરીકા અમેરીકા’**માંથી વીણેલાં આ ચાર કાવ્યો, આપને ગમશે. **‘ખતવણી’** કાવ્ય તો ગુજરાતી ભાષાના પાઠ્યપુસ્તકમાં સ્થાન પામવાને યોગ્ય છે.

કવીનો સંપર્ક : natgandhi@yahoo.com

--હરનીશ જાની harnish5@yahoo.com અને ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક ‘સન્ડે ઈ-મહેફીલ ’ માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કવીતાર્ટુન **‘અરજ’** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com




"સન્ડે ઈ-મહેફીલ" -- વર્ષ : બે -- અંક : ૫૭ -- જુલાઈ ૦૯, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ 'વીદેશ-સર્જનોત્સવ' ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર : **uttamgajjar@hotmail.com**

Address:
**Harnish Jani**
4, Pleasant Drive,
**Yardville**
NJ 08620-**USA**
Phone-**609-585-0861 : email : harnish5@yahoo.com**